પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૫ | ૨૫ નવેમ્બર, ૨૦૧૭, શનિવાર ; માગસર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ભારતનું બીબીબી રેટિંગ યથાવત

### સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ દ્વારા પણ સરકારની પ્રશંસા : આગામી સમય અર્થવ્યવસ્થા માટે શાનદાર જ રહેશે : વિદેશી મૂડી ભંડોળમાં વધારો થશે

નવી દિલ્હી, તા. ૨૪

સરકારની અપેક્ષા મુજબ જ ગ્લોબલ રેટિંગ એજન્સી સ્ટાર્ડર્ડ એન્ડ પુઅર્સ (એસએન્ડપી) દ્વારા પણ ભારતના રેટિંગમાં આ વખતે કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. એસ એન્ડ પીએ ભારતના રેટિંગને બીબીબી રાખીને આશા જગાવી છે. આઉટલુક સ્ટેબલ હોવાની વાત કરી છે. રેટિંગ એજન્સીએ આશા વ્યક્ત કરી છે કે, આવનાર સમય ભારતીય અર્થવ્યવસ્થા માટે શાનદાર રહેશે. અચ્છે દિનની વાત આમા કરવામાં આવી છે. ૨૦૧૮-૨૦ વચ્ચેના ગાળામાં અર્થવ્યવસ્થામાં સુધારની આશા દર્શાવવામાં આવી છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે, વિદેશી મૂડી ભંડોળમાં સતત વધારો થશે. ૧૩ વર્ષ બાદ મૂડી દ્વારા રેટિંગમાં સુધારો કરવામાં આવ્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, એસ એન્ડ પી પણ રેટિંગ વધારશે. એસ એન્ડ પીએ છેલ્લે જાન્યુઆરી ૨૦૦૭માં ભારતના રેટિંગમાં સુધારો કર્યો હતો અને આને બીબીબી કર્યો હતો. આને બોન્ડ માટે સૌથી નિચલા સ્તરની ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ રેટિંગ ગણવામાં આવે છે. એ સમયે એજન્સીએ આઉટલુકને સ્થિર રાખવાની વાત કરી હતી. ત્યારબાદ ૨૦૦૯માં એજન્સીએ આઉટલુકને નેગેટિવ શ્રેણીમાં મુકી દેતા આની ચર્ચા રહી હતી. જે ૨૦૧૦માં સ્થિર સ્થિતિમાં રહી હતી. ૨૦૧૨માં આઉટલુકને નકારાત્મક સ્થિતિમાં મુકી દેવાઈ હતી. નરેન્દ્ર મોદી સરકાર આવવા સુધી સ્થિર સ્થિતિ હતી. જો કે તેના રેટિંગમાં કોઈ સ્થિતિ બદલાઈ ન હતી અને બીબીબીની સ્થિતિ રહી હતી. આ વર્ષે મે મહિનામાં મુખ્ય આર્થિક સલાહકાર

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### શ્રીનગરમાં રેકોર્ડ બ્રેક ઠંડી

હવામાન વિભાગે જણાવ્યું છે કે લગભગ ૧૦ વર્ષ પછી નવેમ્બરમાં શ્રીનગરમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. જમ્મુ અને લેહમાં પણ ઠંડી વધી રહી છે.

### અયોધ્યામાં માત્ર રામ મંદિર જ બનશે : ભાગવત

આર.એસ.એસ.ના પ્રમુખ મોહન ભાગવતે કર્ણાટકના ઉડીપ્પીમાં યોજાયેલી ધર્મ સંસદમાં જણાવ્યું હતું કે અયોધ્યામાં માત્ર રામ મંદિર જ બનશે અન્ય કોઈ ઢાંચો નહીં બને.

### પદ્માવતી મુદ્દે જયપુરના નહારગઢ કિલ્લામાં યુવાનની આપઘાતની શંકા

જયપુરના કિલ્લાના રેમ્પર્ટ પરથી એક મૃતદેહ લટકેલી હાલતમાં મળી આવતા ખળભળાટ મચી ગયો છે. નજીકથી એક નોંધ પણ મળી આવી છે જેમાં પદ્માવતીને લઈને નારાજગી હોવાની બાબત ખુલી રહી છે.

### કાલોલ બેઠક માટે સાસુ-વહુ આમને-સામને

ભાજપ આજે પોતાની પાંચમી યાદી જાહેર કરી, જેમાં કાલોલ બેઠક માટે સાંસદ પ્રભાતસિંહના પુત્રવધુ સુમનબેન ચૌહાણને ટિકિટ આપી છે. જેને લઈને પરિવારમાં વિખવાદ ઉભો થયો છે. આ બેઠક પરથી પ્રભાતસિંહ ચૌહાણના પત્ની ચૂંટણી લડવા માગતા હતા.

## સંસદનું શિયાળુ સત્ર ૧૫મી ડિસેમ્બરથી

### ૨૧ દિવસ સુધી સત્ર ચાલશે : સત્રમાં અનેક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પસાર થશે : અનંતકુમાર

નવીદિલ્હી,તા.૨૪

સંસદનું શિયાળુ સત્ર ૧૫મી ડિસેમ્બરથી શરૂ થશે. ચૂંટણીના કારણે આ સંસદનું શિયાળુ સત્ર વિલંબમાં શરૂ થઈ રહ્યું છે. તમામ અટકળો અને વિપક્ષની માંગ વચ્ચે સરકારે સંસદના શિયાળુ સત્રની જાહેરાત કરી દીધી છે. શિયાળુ સત્ર ૧૫મી ડિસેમ્બરથી શરૂ થશે અને પાંચમી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થશે જેમાં ૧૪ કામકાજના દિવસ રહેશે. શિયાળુ સત્ર શરૂ થવામાં વિલંબ અંગે



પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈ પ્રાથમિકરીતે વિલંબ જોવા મળે છે.

સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે આજે આ મુજબની વાત કરી હતી. સત્રમાં વિલંબ પ્રથમ વખત નથી. ભૂતકાળમાં સત્રમાં વિલંબની સ્થિતિ રહી છે. આ સત્રમાં અનેક મહત્વપૂર્ણ પ્રસ્તાવને પસાર કરવામાં આવશે. સત્ર વ્યવસ્થિત રીતે ચાલે તે માટે વિપક્ષને અપીલ કરવામાં આવી છે. આ સત્રમાં ત્રિપલ તલાક પર બિલ સરકાર લાવી શકે છે. ૨૧ દિવસ સુધી સત્ર ચાલશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ પણ હવે આવનાર છે. આવી સ્થિતિમાં આ સત્ર ઉપર તમામની નજર રહેશે.

સંસદનું શિયાળુ સત્ર દરમિયાન કોંગ્રેસ પાર્ટી પણ અનેક મુદ્દા ઉઠાવવા માટે તૈયાર છે. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ સત્રને લઈને રજૂઆત કરી ચુક્યા છે. કોંગ્રેસ પાર્ટીએ ગુરુવારે કોઈપણ કારણ આપ્યા વગર શિયાળુ સત્રમાં વિલંબ કરવા બદલ આક્ષેપો કર્યા હતા અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને વહેલીતકે સત્ર બોલાવવા અપીલ કરી હતી. કોંગ્રેસે ૨૧મી નવેમ્બરના દિવસે રાષ્ટ્રપતિને પત્ર પણ લખ્યો હતો. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી બે તબક્કામાં યોજનાર છે.

## વાસ્કો ડિ ગામા-પટણા ટ્રેનના ૧૩ કોચ પાટા ઉપરથી ઉતર્યા

### ત્રણના મોત : ઘાયલ થયેલા ૨૦ પ્રવાસીઓ પૈકી અનેકની હાલત હજુ ગંભીર : ચિત્રકુટમાં માનિકપુર રેલ્વે સ્ટેશન નજીક દુર્ઘટના



નવી દિલ્હી,તા. ૨૪

ગોવાના મડગામ સ્ટેશનથી રવાના થઈને પટણા જતી વાસ્કો ડિ ગામા-પટણા એક્સપ્રેસ આજે વહેલી પરોઢે પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ત્રણ યાત્રીઓના મોત થયા છે અને ૨૦ યાત્રીઓ ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. ટ્રેનની ૧૩ બોગી પાટા પરથી ખડી પડતા અફડાતફડી મચી ગઈ હતી. આની સાથે જ ટ્રેન અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે. ઉત્તરપ્રદેશના ચિત્રકુટમાં માનિકપુર રેલવે સ્ટેશનની પાસે સવારે ૪.૧૮ વાગે આ દુર્ઘટના બની હતી. ઘાયલ થયેલા તમામને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશના એડીજી (કાયદો અને વ્યવસ્થા)ના કહેવા મુજબ રેલવે ટ્રેકમાં તિરાડ હોવાના કારણે આ બનાવ બન્યો હતો. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં બેતિયાના પિતા-પુત્રનો સમાવેશ થાય છે. જેની ઓળખ દીપક અને રામસ્વરૂપ તરીકે થઈ છે. ત્રીજા મૃતકની ઓળખ હજુ કરવામાં આવી નથી. ટ્રેન પાટા પરથી ખડી પડવાના બનાવમાં સ્લીપર ડબ્બાને વધારે નુકસાન થયુ છે.

## ઈજિપ્તમાં ભીષણ ત્રાસવાદી હુમલો : ૧૯૦ મોત

### શુક્રવારની નમાઝ વેળા આતંકવાદીઓ ત્રાટક્યા : ઈજિપ્તના હિંસાગ્રસ્ત ઉત્તરીય સિનાઈ વિસ્તારમાં હુમલો

ઈજિપ્ત, તા.૨૪

ઈજિપ્તના સિનાઈ વિસ્તારમાં આવેલી મસ્જિદમાં ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧૮૪ શ્રદ્ધાળુઓના મોત થયા છે અને ૧૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈજિપ્તના હિંસાગ્રસ્ત ઉત્તરીય સિનાઈ પ્રદેશમાં શુક્રવારની નમાઝ દરમિયાન આ હુમલો કરવામાં આવ્યો હતો. નમાઝ દરમિયાન અલઅરિશમાં અલરાવડા મસ્જિદ પર બોંબ ઝિંકવામાં આવ્યા બાદ અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો. બોંબ ઝીંકી દેવામાં આવ્યા બાદ બંદૂકધારીઓએ વાહનો ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. શ્રદ્ધાળુઓ ઉપર પણ ગોળીબાર કર્યો હતો. બ્લાસ્ટ થયા બાદ ઘટનાસ્થળથી ફરાર થવાના પ્રયાસમાં રહેલા લોકો ઉપર અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો. બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હજુ સુધી આ હુમલા માટેની જવાબદારી કોઈપણ સંગઠને સ્વિકારી નથી. આ વિનાશકારી હુમલો ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવ્યા બાદ ઈજિપ્ત સરકારે ત્રણ દિવસના શોકની જાહેરાત કરી છે. પ્રમુખ અબ્દેલે ઈમરજન્સી મિટિંગ બોલાવી હતી જેમાં આ ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ ઉભી થયેલી સુરક્ષા પરિસ્થિતિ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



ઈજિપ્તના ઉત્તરીય સિનાઈ પ્રદેશમાં વિતેલા વર્ષોમાં પણ અનેક હુમલા કરવામાં આવી ચુક્યા છે. જાન્યુઆરી ૨૦૧૧માં હોસની મુબારકની સરકારને ઉથલાવી દેવામાં આવ્યા બાદથી સતત હુમલા થતા રહ્યા છે. પોલીસ અને સેનાને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવ્યા છે. ઈસ્લામિક પૂર્વ પ્રમુખ મોરસીને ૨૦૧૩માં દૂર કરવામાં આવ્યા બાદ સતત હુમલાઓ થતાં રહ્યા છે. જાન્યુઆરી બાદથી ૭૦૦થી વધુ સુરક્ષા જવાનોના મોત થઈ ચુક્યા છે. આ વર્ષે ઈજિપ્તમાં અનેક આતંકવાદી હુમલાઓ થયા છે જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. મે મહિનામાં એક બંદૂકધારીએ બસ ઉપર હુમલો કર્યો હતો જેમાં ૨૮ લોકોના મોત થયા હતા. એપ્રિલ મહિનામાં આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં ૫૦થી વધુ લોકોના મોત થઈ ગયા હતા. ઈજિપ્તને હંમેશા રક્તપાતથી ગ્રસ્ત તરીકે ગણવામાં આવે છે. નમાઝ અદા કરી રહેલા લોકો ઉપર અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો. મોતનો આંકડો સતત વધે તેવા સંકેત છે. કારણ કે, ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર છે. ચાર વાહનોમાં આતંકવાદીઓ મસ્જિદની બહાર પહોંચ્યા હતા અને હુમલો કર્યો હતો.




જોઈએ છે

વ્યાખ્યાતા : (૧) ગણિત (૨) વિજ્ઞાન (૩) સંસ્કૃત (૪) હિન્દી (૫) સમાજવિદ્યા (૬) મનોવિજ્ઞાન

ઉપરોક્ત વિષયો માટેની લાયકાત :

M.A./M.Sc. (55%) M.Ed. (55%)

અરજી મોકલવાનું સરનામું

હિલવુડ એકેડમી ઓફ ટીચર્સ એજ્યુકેશન

મધુર ડેરીની સામે, સે.૨૫, ગાંધીનગર. ● Email : hilwoods25@yahoo.in







